# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited

**Grade A** by NAAC

**(CGPA 3.05)**

## સિન્ડિકેટની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

## તા.૧૪/૦૯/૨૦૧૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫

**SAURASHTRA UNIVERSITY**
University Campus, University Road,
Rajkot – 360 005
PHONE : (0281) 2578501 / FAX : (0281) 2586983

**Re-Accredited Grade "A" by NAAC**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની સપ્ટેમ્બર માસની સામાન્ય સભા તા.૧૪/૦૯/૨૦૧૮ ને શુક્રવારના રોજ સવારના ૧૧:૩૦ કલાકે, સિન્ડિકેટ મીટીંગરૂમ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | ડૉ. નિલાંબરીબેન દવે -કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉપકુલપતિશ્રી | ---- ખાલી ---- |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪. | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૬. | પ્રિ. ડૉ. ધરમભાઇ ડી. કાંબલીયા | હાજર |
| ૭. | પ્રિ. ડૉ. વિજયભાઈ કે. પટેલ | હાજર |
| ૮. | ડૉ. મેહુલભાઈ પી. રૂપાણી | હાજર |
| ૯. | ડૉ. પ્રફુલ્લાબેન જે. રાવલ | હાજર |
| ૧૦. | ડૉ. ભાવિનભાઈ એસ. કોઠારી | હાજર |
| ૧૧. | ડૉ. પ્રતાપસિંહ એલ. ચૌહાણ | હાજર |
| ૧૨. | શ્રી હરદેવસિંહ ડી. જાડેજા | હાજર |
| ૧૩. | ડૉ. ગીરીશભાઈ સી. ભીમાણી | હાજર |
| ૧૪. | ડૉ. નેહલભાઈ સી. શુકલ | હાજર |
| ૧૫. | ડૉ. અનિરૂદ્ધસિંહ પઢીયાર | હાજર |
| ૧૬. | ડૉ. વિમલભાઈ પરમાર | હાજર |
| ૧૭. | ડૉ. ભરતભાઈ રામાનુજ | હાજર |
| ૧૮. | શ્રી ભરતભાઈ ઝવેરભાઈ વેકરીયા | હાજર |
| ૧૯. | ડૉ. વિજયભાઈ એન. દેસાણી | હાજર |
| ૨૦. | ડૉ. પ્રવિણસિંહ આર. ચૌહાણ | હાજર |

સભાની શરૂઆતમાં આપના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલબિહારી વાજપેયી સાહેબનું તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં દાત્તા શ્રી ઉકાભાઈ સોલંકીનું દુ:ખદ અવસાન થતાં સર્વે સભ્યશ્રીઓએ ૨ મિનિટનું મૌન રાખી સદ્‌ગતને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

૧ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૦૧/૦૮/૨૦૧૮ની મીનીટ્સ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૦૧/૦૮/૨૦૧૮ની મીનીટ્સ મંજૂર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.**

૨ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૦૧/૦૮/૨૦૧૮ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૦૧/૦૮/૨૦૧૮ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સભામાં જે વિભાગની આઈટમ હોય તે વિભાગને મીનીટ્સ થયે SMS થી જાણ કરવી.**

**(નોંધ : કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૧" તરીકે આ સાથે સામેલ છે.)**

૩ એકેડેમિક — ફાર્મસી ભવન ખાતે ચાલતા સર્ટીફીકેટ કોર્ષ ઈન ડાયાલીસીસ ટેકનીક (CCDT)ની સત્રદીઠ ફીનાં ધોરણો શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ થી સુધારવા અંગેની ફાર્મસી વિદ્યાશાખાની તા.૧૫/૦૫/૨૦૧૮ની સભાની ભલામણ ક્રમાંક '૩,૫' અને ઉક્ત વિદ્યાશાખાનાં ડીનશ્રીના પત્રાંક SU/DPS/343/2018 તા.૧૩/૦૬/૨૦૧૮ થી કરેલ વિનંતી ધ્યાને લઈ માન.કુલપતિશ્રીએ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ સદરહુ કોર્ષની સત્ર ફી રૂ.૧૦,૦૦૦/- (રૂપિયા દશ હજાર) શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ થી અમલમાં આવે તે રીતે મંજૂર કરેલ છે. તેની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતની નોંધ લેવામાં આવી અને તેને મંજૂર કરવામાં આવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૨" તરીકે આ સાથે સામેલ છે)**

૪ એકેડેમિક — સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ.મેહુલ રૂપાણી તરફથી તબીબી વિદ્યાશાખામાં MCI/DCI સિવાયના અભ્યાસક્રમો Faculty of Paramedical Science ને ફાળવવા તેની સ્થાપના કરવા અંગે તા.૨૦/૦૭/૨૦૧૮નાં રોજ રજૂ થયેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

નોંધ-૧ ઉપરોક્ત બાબતે એકેડેમિક કાઉન્સિલની તા.૧૦/૦૪/૨૦૧૩નિ સભામાં કામકાજ ક્રમાંક-૬૫ થી વિચારણા થયેલ અને પેટા કમિટિ નિયુક્ત કરવામાં આવેલ.

નોંધ-૨ સદરહુ પેટા કમીટીનો અહેવાલ એકેડેમિક કાઉન્સિલની વિચારણા અર્થે તેની તા.૧૬/૧૨/૨૦૧૩નિ સભામાં રજૂ કરતા ઠરાવ નં.'૧૬'થી વિદ્યાશાખાનાં વિભાજન

તથા તે સંદર્ભે સ્ટેચ્યુટની સુધારણા અર્થે સિન્ડિકેટમને ભલામણ કરેલ છે.

નોંધ-3 ઉક્ત બાબતે સિન્ડીકેટે તેની તા.૧૩/૦૮/૨૦૧૪ની સભાના ઠરાવ નં.'૦૮' થી આ બાબતની વિચારણા મુલતવી રાખેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખા હેઠળનાં MCI/DCI અંતર્ગત આવતાં અભ્યાસક્રમો સિવાયનાં અભ્યાસક્રમો ફાર્મસી વિદ્યાશાખા હેઠળ તબદીલ કરવા અને Faculty of Paramedical ની નવી રચના કરવા માટેની નિયમાનુસારની કાર્યવાહી કરવી. અલગ ફેકલ્ટી અસ્તિત્વમાં આવ્યે આ બધા કોર્ષ ફાર્મસી ફેકલ્ટીમાંથી તેમાં ટ્રાન્સફર કરવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, અન્ય વિદ્યાશાખાઓમાં પણ વિદ્યાશાખાના વિભાજન અર્થે ડીનશ્રી દ્વારા દરખાસ્ત આવે તો તે પરત્વે હકારાત્મક વિચારણા કરવી અને દરખાસ્તો માટે ડીનશ્રીઓની મીટીંગ બોલાવવી.**

૫ એકેડેમિક — સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. મેહુલ રૂપાણી તરફથી વિજ્ઞાન વિદ્યાશાખામાં Bachelor of Military Science નો નવો અભ્યાસક્રમ શરૂ કરવા અંગે આવેલ તા.૨૦/૦૭/૨૦૧૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાશાખામાં Bachelor of Military Science નો નવો અભ્યાસક્રમ એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ મંજૂર કરવો અને તે માટે જરૂરી સ્ટેચ્યુટ ઘડવા.**

૬ બાંધકામ — તા.૦૬/૦૮/૨૦૧૮ નાં રોજ મળેલ એસ્ટેટ કમિટી ની ભલામણો મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૦૬/૦૮/૨૦૧૮ની સભાની ભલામણો નીચે મુજબના સુધારા સાથે મંજૂર કરવી.**

**ઠરાવ ક્રમાંક ૨૩ :**

**આથી ઠરાવવામાં આવે છે કે, કેમ્પસ પર ન્યુ ઓલમ્પિક સાઈઝ સ્વિમિંગ પુલ, સેમી ઓલમ્પિક સાઈઝ સ્વિમિંગ પુલ અને ઈન્ડોર શુટીંગ રેન્જના બાંધકામનાં વધારાના ખર્ચની ચુકવણી માટે જુની એસ્ટેટ કમિટિ અને હાલની એસ્ટેટ કમિટિ સાથે ચર્ચા વિચારણા કરી આગળની કાર્યવાહી કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, HRDC દ્વારા સંચાલિત અધ્યાપક કુટીરમાં ચાલતા અન્નપુર્ણા ગૃહમાં માત્ર અધ્યાપકો અને ગેસ્ટ હાઉસમાં આવતાં મહેમાનો માટે જ સવલત આપવાની રહેશે. અન્ય બહારના લોકો ન આવે અને ત્યાં કોઈ પાર્ટી વગેરેનું આયોજન ન થાય તેની કાળજી લેવી. અન્યથા શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, ટી પોસ્ટ અને અમુલ પાર્લર માટે નિયત સમય પુરો થયા પછી ભાડુ Revise કરવા માટે માન.કુલપતિશ્રીએ તેઓ સાથે નેગોશીએશન કરી નિર્ણય કરવો.**

**(નોંધ: એસ્ટેટ કમિટિની તા.૦૬/૦૮/૨૦૧૮ નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "03" તરીકે આ સાથે સામેલ છે.)**

૭ પી.જી. ટી.આર. શૈક્ષણિક વર્ષ ૨૦૧૧માં પીએચ.ડી.માં વિવિધ વિષયોમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન રદ કરવા બાબત.

નોંધ ૧ શૈક્ષણિક વર્ષ ૨૦૧૧મા વિવિધ વિદ્યાર્થીઓ O.Ph.D.-09 અનુસાર વિવિધ વિષયોમાં પ્રવેશ મેળવેલો હોય છે.

૨ વિદ્યાર્થીઓને ઇસ્યુ કરવામાં આવેલ રજીસ્ટ્રેશન પત્રમાં નીચે મુજબની સૂચના ૬ (ક) નીચે મુજબ છે.

"પીએચ.ડી.માં નોંધણી કરાવ્યા બાદ સાત (૭) વર્ષમાં સીનોપ્સીસ/ થીસીસ રજૂ કરવામાં નહિ આવે તો નોંધણી અને સત્રો આપોઆપ રદ થયેલા ગણાશે."

૩ પી.જી.ટી.આર. વિભાગના પરિપત્ર ક્રમાંક/પીજીટીઆર/પીએચ.ડી./૧/૧૪૯૭ /૨૦૧૬ તા.30/0૪/૨૦૧૬ મુજબ

બી.યુ.ટી.ની તા.૧૦/03/૨૦૧૬ નાં ઠરાવ ક્રમાંક ૧૭૯ અને સિન્ડિકેટની તા.૧૫/03/૨૦૧૬ નાં ઠરાવ ક્રમાંક ૨૫ અન્વયે -

"આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, આગામી વર્ષથી કોઈપણ પીએચ.ડી. વિદ્યાર્થીની મુદત વધારવામાં આવશે નહિ તેની માર્ગદર્શકશ્રીઓને જાણ કરવી."

આ અંગે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, વર્ષ ૨૦૧૧માં પીએચ.ડી.માં વિવિધ વિષયોમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનાં રજીસ્ટ્રેશન રદ ન થાય તે માટે તેમને ૦૬ મહિનાની મુદ્દત આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, જો ૦૬ મહિનાની મુદ્દત આપ્યા બાદ પણ રજીસ્ટ્રેશન ચાલુ રાખવા માટે કોઈ અરજી આવે તો તે માટે માન. કુલપતિશ્રીને વિવેકાધીન નિર્ણય કરવા સત્તા આપવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૪" તરીકે આ સાથે સામેલ છે)**

૮ મહેકમ-અ યુનિવર્સિટીનાં જુદા-જુદા અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે / સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે નીચે દર્શાવેલ વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | અનુસ્નાતક ભવનનું નામ | બજેટ હેડ | જગ્યા | વરણી સમિતિની તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | બાયોટેકનોલોજી ભવન | સેલ્ફ ફાયનાન્સ | ૦૧ | તા.૧૭/૦૮/૨૦૧૮ | સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |
| ૨ | રસાયણશાસ્ત્ર ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૩ | તા.૨૦/૦૮/૨૦૧૮ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૩ | રસાયણશાસ્ત્ર ભવન | સેલ્ફ ફાયનાન્સ | ૦૩ | તા.૨૦/૦૮/૨૦૧૮ | સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |
| ૪ | વાણીજ્ય ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | તા.૨૦/૦૮/૨૦૧૮ | ડૉ.એ કે.ચક્રવાલ I.Q.A.C માં જતા |
| ૫ | ગણિતશાસ્ત્ર ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૩ | તા.૩૦/૦૮/૨૦૧૮ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જુદા-જુદા અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે / સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે ઉપર દર્શાવેલ વિગતે મળેલી વરણી સમિતિની ભલામણો મંજુર કરવી અને આઈટમ ક્રમાંક ૧૨ની વિચારણા કરવામાં આવે તેની સાથે કોન્ટ્રાક્ટ બેઈઝ શૈક્ષણિક સ્ટાફની વિચારણા કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, હવે પછીથી કોન્ટ્રાક્ટ બેઈઝ ટીચરની ભરતી અંગે પ્રથમ અથવા દ્વિતિય સત્રનાં શરૂ થતાં પહેલા જરૂરી પ્રક્રિયા કરવી.**

**(નોંધ વરણી સમિતિની ભલામણ સભા સમયે રજૂ કરવામાં આવેલ.)**

૯ મહેકમ-અ — યુનિવર્સિટીના બાયોસાયન્સ અનુસ્નાતક ભવનમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ.એસ વી.ચંદાને તેમની સત્રાંત નિવૃત્તિ તા.૩૧/૧૦/૨૦૧૮ બાદ પે માઈન્સ પેન્શનના સિદ્ધાંત મુજબ પુનઃનિયુક્તિ આપવા બાબત.

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન ન્યુ દિલ્હીની તા.૧૬/૦૨/૨૦૦૮ ની ગાઈડ લાઈન્સ તેમજ રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના ૦૩/૦૬/૨૦૦૮ ના ઠરાવ અનુસાર નિવૃત્તિ બાદ પે માઈન્સ પેન્શન મુજબ અધ્યાપકની જગ્યા ભરી શકાય. ડૉ.એસ વી.ચંદાની નિવૃત્તિ બાદ નિયુક્તિ આપવાની અરજી સંદર્ભમાં ઠરાવની અન્ય શરતો અનુસાર પ્રક્રિયા કરી કાર્યવાહી કરવાની થાય. જે મુજબ બાયોસાયન્સ અનુસ્નાતક ભવનમાં હાલમાં પ્રોફેસરની ૦૧ જગ્યા ખાલી છે તથા આ જગ્યા માટે યુનિવર્સિટી દ્વારા તા.૧૬/૧૦/૧૭ થી જાહેરાત આપી અરજીઓ મંગાવવામાં આવેલ છે.

યુજીસી જોગવાઈ મુજબ ડો.ચંદાબેનની અરજીની એકેડેમીક ચકાસણી માટે ભવનની સ્ટાફ કાઉન્સિલને મોકલવાની રહે છે. પરંતુ ભવનની તા.૦૯/૦૭/૧૮ ની સ્ટાફ કાઉન્સિલે ડો.ચંદાબેન પુનઃ નિયુક્તી માટે ભલામણ કરેલ છે જે સામેલ છે. નિયમાનુસાર આ ભલામણ ફેકલ્ટીના ડીનશ્રી મારફતે મોકલવાની રહે. જે મોકલેલ નથી.રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૩/૦૬/૦૮ના તથા તા.૧૦/૦૬/૦૮ ના ઠરાવ અનુસાર.

(૧) આ યોજના ઓછામાં ઓછી એક વર્ષથી ખાલી પડેલ જગ્યાઓ પરજ લાગુ પડશે. બાયોસાયન્સ ભવનમાં પ્રોફેસરની ખાલી જગ્યા એક વર્ષથી વધુ સમયથી ખાલી છે .

(૨) ખાલી રહેલી આ જગ્યાઓની માત્ર ૫૦ %જગ્યાઓ આ યોજના હેઠળ ભરી શકાશે. યુનિવર્સિટી ભવનોમાં હાલમાં પ્રોફેસરની ખાલી જગ્યા ૧૪ છે. તેની સામે હાલમાં કોઈ નિવૃત આધ્યાપક પુનઃ નિયુક્તીથી ફરજ બજાવતા નથી.

(૩) નિવૃત પછી પુનઃ નિયુક્તી પામનાર અધ્યાપકોને ૬૫ વર્ષની ઉમર અથવા નિમણુક આપ્યાને ત્રણ વર્ષ થાય એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી નિમણુક આપી શકાશે.

(૪) પુનઃ નિયુક્તી પામનાર અધ્યાપક લાસ્ટ પે માઈન્સ પેન્શનના સિધ્ધાંત ઉપર ફિક્સ પગાર ઉપર કામ કરી શકશે. એટલે કે નિવૃત વખતે છેલ્લે ચૂકવેલ પગાર માંથી મૂળ પેન્શન બાદ કરી ફિક્સ પગાર ચુકવવાનો રહે છે.

(૫) કરારના આધારે નિમણુક પામનાર અધ્યાપકની કામગીરીનું સતત મુલ્યાંકન કરવામાં આવશે તથા જરૂરી જણાયે તેઓને એક માસની નોટીસ આપી છુટ્ટા કરી શકાશે.

* રાજ્યની યુનિવર્સિટી કક્ષાએ નિવૃત બાદની શૈક્ષણિક જગ્યાઓ ભરવા માટે નીચે મુજબની સમિતિ રાખવાની રહે છે.

| | |
|---|---|
| (૧) કુલપતિશ્રી-અધ્યક્ષ | (૨) બે વિષય નિષ્ણાત |
| (૩) ફેકલ્ટી ડીન | (૪) હેડ ઓફ ધ ડીપાર્ટમેન્ટ |

ડો.ચંદાબેનની પુનઃ નિયુક્તીની અરજી ઉપર્યુક્ત સમિતિ દ્વારા ચકાસવવાની રહેછે તથા સમિતિની ભલામણ સિન્ડીકેટ સમક્ષ મુકવાની રહે છે તથા સિન્ડીકેટની મંજુરી બાદ પે માઈનસ–પેન્શન ના સિધ્ધાંતમુજબ પુનઃ નિયુક્તી આપી શકાય છે ડો.ચંદાબેન પેન્શન સ્કીમમાં છે તેમનું પેન્શન હજુ મંજુર થઈ આવેલ નથી.

ઉપર્યુકત વિગતો ધ્યાને લઇ ડૉ.એસ વી.ચંદાની પુનઃ નિયુકિત અંગે નિર્ણય કરવાનો રહે છે.

**આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના બાયોસાયન્સ અનુસ્નાતક ભવનમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ.એસ વી.ચંદાએ નિયમાનુસાર ડીનશ્રી મારફત અરજી કરેલ ન હોઈ નામંજૂર કરવું.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, રાજ્ય સરકારશ્રીની મંજૂરી આવશ્યક છે કે કેમ ? તે ચકાસવું અને માન. રાજ્ય સરકારશ્રીનાં પે માઈનસ પેન્શનનાં છેલ્લા નિયમો ચકાસી તેનાં આધારે નિર્ણય કરવાનો થતો હોય તે બાબત આગામી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, રાજ્યની યુનિવર્સિટી કક્ષાએ નિવૃત બાદની શૈક્ષણિક જગ્યાઓ ભરવા માટેની સમિતિમાં ૦૨ સિન્ડિકેટ સભ્યશ્રીઓની નિયુક્તિ કરવી.**

| | |
|---|---|
| ૧૦<br>ફાર્મસી<br>અનુસ્નાતક<br>ભવન | ફાર્મસી ભવનનાં ઓનલાઈન રજીસ્ટ્રેશન, એનરોલમેંટ તથા એનલિસ્ટમેંટ અમો દ્વારા પરીક્ષા તથા PGTR માં જાણ કર્યા બાદ રેગ્યુલર ફી સાથે ખોલી આપવા બાબત. |

(નોંધ : ફાર્મસી ભવનમાં ચાલતા M.Pharm તથા B.Pharm (MPM) ની પ્રવેશ પ્રક્રિયા કેન્દ્રિય પદ્ધતિ (ACPC) દ્વારા કરવામાં આવે છે. તેમજ (ACPC) દ્વારા પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આ અભ્યાસક્રમોમાં જે બાકી ખાલી રહેલી સીટોનાં એડમિશન વિભાગ દ્વારા આપવાના રહે છે. આ સંજોગોમાં યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતાં રજીસ્ટ્રેશનની તારીખો મુજબ રજીસ્ટ્રેશન કરવામાં વિલંબ થાય છે તથા તદ્દુપરાંત અમારા વિભાગમાં ચાલતા PGDCR તથા CCDT નાં અભ્યાસક્રમોમાં મેડિકલ, કિમોથેરેપી, આયુર્વેદ, ફિજીયોથેરેપી, પેરામેડિકલ વિગેરે અભ્યાસક્રમોમાં એડમિશન ન મળી શકે તેવા વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમોમાં એડમિશન મેળવતા હોય છે. જ્યારે યુનિવર્સિટી દ્વારા થતાં વિદ્યાર્થીઓનાં રજીસ્ટ્રેશન, એનરોલમેન્ટ તથા એનલીસ્ટમેન્ટ વગેરેની તારીખો ખૂબ વહેલી પડે છે અને તેની સરખામણીમાં અમારા ભવનમાં એડમિશન ખૂબ જ મોડા થાય છે. આવા સંજોગોમાં યુનિવર્સિટીનાં ઓનલાઈન પોર્ટલ બંધ થઈ જાય છે. આ પ્રકારની મુશ્કેલીઓનાં કારણે દર વર્ષે પોર્ટલ પછીથી રેગ્યુલર ફી સાથે ખોલાવી આપવા માટેની પરવાનગી લેવાની થાય છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે, ફાર્મસી, એમ.સી.એ., એમ.બી.એ. અને જ્યાં એ.સી.પી.સી. અથવા રાજ્ય કક્ષાની મધ્યસ્થ પ્રવેશ સમિતિ લાગુ પડતું હોય એવા અભ્યાસક્રમો અને અન્ય નામાંકિત કેન્દ્ર સરકાર સંચાલિત અને યુનિવર્સિટી અન્ય સંસ્થામાંથી આવતાં વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન, એનરોલમેંટ તથા એનલિસ્ટમેંટનાં નિયમોમાં છૂટ આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, પરીક્ષાના PEC વગેરે ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ ઓફલાઇન ફોર્મ મંગાવવા નહિ.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, અન્ય યુનિવર્સિટી સંલગ્ન હોમિયોપેથી કોલેજમાંથી અત્રેની હોમિયોપેથી કોલેજમાં ટ્રાન્સફર થયેલા નીચે દર્શાવ્યાનુસારના વિદ્યાર્થીઓ તેની સામે દર્શાવ્યાનુસારનો તેની મૂળ કોલેજમાં 1st B.H.M.S. પૂર્ણ કર્યા બાદ અત્રેની કોલેજમાં 03 માસ કરતા વધુનો સમય લીધેલ છે. અન્ય પ્રમાણપત્રો ખરા/યોગ્ય છે તો તેવોને 03 માસ કરતા વધુ સમય થયો છે તે કોન્ડોન કરી તેના (નીચે દર્શવ્યાનુસારનાં) પ્રવેશ માન્ય ગણવા.**

| ક્રમ | નામ | જે યુનિવર્સીટીમાંથી અભ્યાસ છોડીને અત્રે પ્રવેશ મેળવવા ઈચ્છે છે તે યુનિવર્સીટીએ પરિણામ અંગેનુ ગુણપત્રક Issue Date | PEC No. and Date | CCHના નિયમ મુજબ ત્રણ માસ કરતા વધારે થયેલ સમયની માહિતી |
|---|---|---|---|---|
| (૧) | જોશી કૃતાર્થ મનોજભાઈ (Student of 2014 - 15 1st Year BHMS Batch) | Uttarakhand Uni. Issue Date 03/05/2017 | 16401 Dt. 29/08/2017 | 27 Days |
| (૨) | અંજારિયા પુનિત જયેશભાઈ | Jivaji University, Gwalior Issue Date 08/08/2016 | 12498 Dt. 23/02/2017 | 3 Months 16 Days |
| (૩) | હાલેપોત્રા અનીષા | Vikram University, Ujjain Issue Date 29/09/2011 | 12140 Dt. 19/10/2012 | 9 Months 22 Days |

૧૧ પરીક્ષા-૪ સી.યુ.શાહ મેડિકલ કોલેજ, સુરેન્દ્રનગરનાં કર્મચારી-વિદ્યાર્થી વચ્ચે માર્ક સુધારવાના વિડિયો વાયરલ થયેલ. તે સંદર્ભે માનનીય કુલપતિશ્રી એ એક કમિટિની રચના કરેલ. જેમાં (૧) ડૉ.પ્રતાપસિંહ ચૌહાણ, (૨) ડૉ.નિદત્ત બારોટ, (૩) ડૉ.નંદિનીબેન દેસાઈ અને (૪) ડૉ.જતીન ભટ્ટની નિમણુંક કરવામાં આવેલ.

ઉપરોક્ત કમિટિએ માનનીય કુલપતિશ્રીને તા.૧૩/૦૮/૨૦૧૮નાં રોજ અહેવાલ રજૂ કરેલ છે. તેનાં પર ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવા અંગે તથા ઉપરોક્ત અહેવાલ સિન્ડિકેટ સભા સમયે રજૂ કરવામાં આવશે.

**આથી ઠરાવવામાં આવે છે કે, કમિટિએ માનનીય કુલપતિશ્રીને તા.૧૩/૦૮/૨૦૧૮નાં રોજ અહેવાલ રજૂ કરેલ તેમાં જે ભલામણ કરવામાં આવેલ છે તે મુજબ આગળની કાર્યવાહી કરવી.**

૧૨ મહેકમ-બ યુનિવર્સિટીના કાયમી કર્મચારીઓ સિવાયના ૧૧ માસના ધોરણે કોન્ટ્રાક્ટ બેઇઝ પ્લેસમેન્ટ કર્મચારીઓ સેવા બજાવે છે. તેઓની સેવા અંગે એડવોકેટશ્રી (૧) શ્રી પ્રવીણભાઈ વસાવડા (૨) શ્રી ઘનશ્યામભાઈ આર.ઠાકર (૩) શ્રી અનિલભાઈ ગોગિયાનો અભિપ્રાય મંગાવવામાં આવેલ, જે તેઓ એ બંધ કવરમાં રજુ કરેલ છે, જે પરત્વે વિચારણા કરવા બાબત.

નોંધ:- (૧) કરાર આધારિત સ્ટાફના મહેનતાણાના દર વધારવા અંગેની કમિટીની મીટીંગ તા.૨૭/૦૭/૨૦૧૮ ના રોજ મળેલ. મીટીંગમાં યુનિવર્સિટીના કાયમી કર્મચારીઓ સિવાયના ૧૧ માસના ધોરણે કોન્ટ્રાક્ટ બેઇઝ પ્લેસમેન્ટ કર્મચારીઓ સેવા બજાવે છે. તેની સેવા અંગે નીચેની બાબતોનો અભિપ્રાય એડવોકેટશ્રી (૧) શ્રી પ્રવીણભાઈ વસાવડા (૨) શ્રી ઘનશ્યામભાઈ આર.ઠાકર

(૩) શ્રી અનિલભાઈ ગોગિયા પાસેથી મેળવવાનું નિયત થયેલ.

(૧) યુનિવર્સિટી દ્વારા પ્લેસમેન્ટ સ્ટાફની સેવાઓ આઉટસોર્સિંગ એજન્સી મારફત લેવામાં આવે તો યુનિવર્સિટીને થનાર ફાયદા અને ગેરફાયદા બન્ને બાબત.

(૨) યુનિવર્સિટી દ્વારા જ ૧૧ માસના કરાર કરી પ્લેસમેન્ટ સ્ટાફની સેવાઓ લેવામાં આવે તો યુનિવર્સિટીને થનાર ફાયદા અને ગેરફાયદા બન્ને બાબત.

(૩) યુનિવર્સિટી દ્વારા જ ૧૧ માસના કરાર કરી પ્લેસમેન્ટ સ્ટાફની સેવાઓ લેવામાં આવે અને તેમને ***EPF*** યોજનાનો લાભ આપવાનો રહે. ભવિષ્યમાં જે તે સ્ટાફની સેવા લેવાનું બંધ કરવામાં આવે તો યુનિવર્સિટી ઉપર અન્ય કોઈ જવાબદારી કે કોઇપણ જાતનું ચુકવણું કરવું પડે કે નહિ ?

(૨) એડવોકેટશ્રી (૧) શ્રી પ્રવીણભાઈ વસાવડા (૨) શ્રી ઘનશ્યામભાઈ આર.ઠાકર (૩) શ્રી અનિલભાઈ ગોગિયાનો અભિપ્રાય અંગેના બંધ કવર સભા સમયે રજુ કરવામાં આવશે.

**આથી ઠરાવવામાં આવે છે કે સદરહું બાબત વધુ વિચારણા અર્થે આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહું બાબતે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક એમ બધા કોન્ટ્રાક્ટ બેઈઝ કર્મચારીઓની વિચારણા કરવી.**

૧૩ મહેકમ-બ ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના તા.૦૧/૦૯/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક:વલભ-૧૦૨૦૧૬-જીઓઆઈ-૭-ચ થી રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓને ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થામાં સાતમાં પગાર પંચની મોંઘવારી ભથ્થાની ચુકવણી અંગે નીચે દર્શાવેલ તારીખથી અને તેની સામે દર્શાવ્યા મુજબના દરે મોંઘવારી ભથ્થાની રકમ ચુકવ્યા અંગેની જાણ થવા બાબત.

**નોંધ:-** (૧)

| **ચૂકવવાપાત્ર તારીખ** | **ચૂકવવાપાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર** |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૧૮ થી | મૂળપગારના ૭% |

(૨) ઠરાવમાં દર્શાવેલ જોગવાઈ લાગુ પાડવામાં આવેલ છે.

(૩) સિન્ડીકેટની તા.૧૫/૦૭/૨૦૧૬ ની સભાના ઠરાવ નં.૯ નીચે મુજબ છે.

"આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સરકારશ્રી દ્વારા વખતો વખત જે મોંઘવારી ભથ્થાનો ઠરાવ થાય તે સ્વીકારવા માનનીય કુલપતિશ્રીને સતા આપવી."

(૪) સિન્ડીકેટની તા.૨૪/૦૩/૧૯૭૮ની સભામાં (ઠરાવ નં.૧,પેટા-૧૭) નીચે મુજબ છે.

"સરકારશ્રી તરફથી જયારે જયારે મોંઘવારી ભથ્થાના દરમાં વધારો કરવાનો ઠરાવ યુનિવર્સીટીમાં આવે કે તુરત જ તેનો અમલ કરવો અને સિન્ડીકેટની જાણ માટે મુકવું."

**આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના તા.૦૧/૦૯/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક:વલભ-૧૦૨૦૧૬-જીઓઆઈ-૭-ચ થી રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓને ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થામાં સાતમાં પગાર પંચની મોંઘવારી ભથ્થાની રકમ ચુકવ્યા અંગેની નોંધ લેવામાં આવી.**

૧૪ બાયોસાયન્સ અનુસ્નાતક ભવનના પ્રાધ્યાપક ડો. નીલેશ પંચાલ વિરુધ્ધ પીએચ.ડી.ની સ્ટુડન્ટ
મહેકમ-અ દ્વારા એન્ટી સેક્સ્યુઅલ હેરેસમેન્ટ સેલ સમક્ષ થયેલ ફરિયાદ સંદર્ભમાં એન્ટી સેક્સ્યુઅલ હેરેસમેન્ટ સેલ દ્વારા થયેલી તપાસ અંગેના અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, કમિટિની ભલામણ સ્વીકારવી અને તે મુજબ ડો. નીલેશ પંચાલની ગાઈડશીપ કાયમી ધોરણે રદ્દ કરવી અને કમિટિની ભલામણ મુજબ ડૉ. નીલેશ પંચાલની અંડરમાં પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓને અન્ય ગાઈડ ફાળવવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, બાયોસાયન્સ ભવનના પ્રોફેસર ડૉ. નીલેશ પંચાલની વિરૂદ્ધમાં થયેલ ફરિયાદની ગંભીરતાને ધ્યાને લઈ વિદ્યાર્થીને ન્યાય મળે અને ભવિષ્યમાં આવા બનાવો ન બને તે માટે ખૂબ જ સખ્ત પગલા ભરવા નિર્ણય કરવામાં આવેલ અને ડૉ. નીલેશ પંચાલને તાત્કલિક અસરથી સસ્પેન્ડ કરવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સાથે સંકળાયેલ ન હોય એવા નિષ્પક્ષ વ્યક્તિ/નિવૃત્ત જજ ને તપાસ સોપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, અધ્યાપકશ્રીઓની ચેમ્બરમાં ગ્લાસ ડોર લગાવવા અને ચેમ્બરમાં C.C.T.V. કેમેરા ફીટ કરાવવા. જે અધ્યક્ષશ્રીઓની ચેમ્બરમાં એન્ટી ચેમ્બર છે તે દૂર કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, એન્ટી સેક્સ્યુઅલ હેરેસમેન્ટ સેલ સમક્ષ છેલ્લા ૦૪ કે ૦૫ વર્ષ દરમ્યાન થયેલ ફરિયાદોની વિગતો આગામી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી.માં ૦૫ વર્ષ કરતા વધુ સમય થયેલ હોય તેવા બહેનો/વિદ્યાર્થીઓની વિગતો મેળવી તેઓનું પીએચ.ડી. મોડું થવા માટેનાં કારણોની ચકાસણી કરવી.**

**(નોંધ:- અહેવાલ અંગેનું બંધ કવર સભા સમયે રજુ કરવામાં આવેલ.)**

૧૫ હિસાબ — તા.૩૧/૦૮/૨૦૧૮ નાં રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૩૧/૦૮/૨૦૧૮ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, હવેથી ફાઈનાન્સ અને એસ્ટેટ કમિટિની કાર્યવાહી નોંધ સર્વે સિન્ડિકેટ સભ્યશ્રીઓને મોકલવી.**

**(નોંધ: ફાઈનાન્સ કમિટિની તા.૩૧/૦૮/૨૦૧૮નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૫" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૬ હિસાબ — તા.૦૭/૦૮/૨૦૧૮ નાં રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૦૭/૦૮/૨૦૧૮ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ: ફાઈનાન્સ કમિટિની તા.૦૭/૦૮/૨૦૧૮નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૬" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૭ મહેકમ-અ — યુનિવર્સિટીનાં સમાજશાસ્ત્ર અનુસ્નાતક ભવનમાં "વોક ઇન ઇન્ટરવ્યુ" દ્વારા કરાર આધારિત આસિસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક) ૧૧ માસ માટે રૂ| ૨૫,૦૦૦/- નાં ફિક્સ વેતનથી નિમણુંક કરવા માટે મળેલી વરણી સમિતિની બેઠકમાં પસંદ થયેલા ઉમેદવારોને સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ નિમણુંક આદેશ આપ્યા અંગેનાં માનનીય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

| ક્રમ | ભવનનું નામ | જાહેરાત આપ્યા તારીખ | વરણી સમિતિની તારીખ | પસંદ થયેલ ઉમેદવારનું નામ | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| ૧ | સમાજશાસ્ત્ર અનુસ્નાતક ભવન | તા.૨૯/૦૫/૨૦૧૮ | તા.૦૮/૦૬/૨૦૧૮ | મેઘરાજસિંહ એસ.જાડેજા | રૂ|. ૨૫,૦૦૦/- ફિક્સ |

**(નોંધ** :- સમાજશાસ્ત્ર અનુસ્નાતક ભવન કરાર આધારીત આસીસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક) ની જગ્યા ભરવા માટે ઉપર્યુક્ત વિગતે "વોક ઇન ઇન્ટરવ્યુ" ગોઠવવામાં આવેલ. વરણી સમિતિની ભલામણ મુજબ રૂ| ૨૫,૦૦૦/- નાં ફિક્સ વેતનથી આ જગ્યાઓ ભરવા માટે ઉમેદવારની પસંદગી કરવામાં આવેલ હતી, સિન્ડીકેટની તા.૨૫/૦૬/૨૦૧૮ ની સભાના ઠરાવ ક્રમાંક ૯ થી ઠરાવ્યા મુજબ વરણી સમિતિની મિનટ્સ સિન્ડીકેટ સમક્ષ મુકવાની રહે છે પરંતુ સમાજશાસ્ત્ર અનુસ્નાતક ભવનમાં વરણી સમિતિની બેઠક તા.૦૮/૦૬/૨૦૧૮ ના રોજ મળેલ હોય જેથી માનનીય કુલપતિશ્રીનાં આદેશ મુજબસત્ર શરુ થયું તે તારીખથી હાજર ગણવા જણાવેલ હોઈ તે અનુસાર નિમણુંક પત્ર રવાના કરેલ છે. જેને બહાલી આપવાની રહે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં સમાજશાસ્ત્ર અનુસ્નાતક ભવનમાં "વોક ઈન ઈન્ટરવ્યુ" દ્વારા કરાર આધારિત આસિસ્ટન્ટ પ્રોફેસર માટે ૧૧ માસ કરાર આધારિત જગ્યા ભરવા માટે ઉપર દર્શાવેલ વિગતે મળેલી વરણી સમિતિની ભલામણો મંજુર કરવી.**

૧૮ યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીના ડીનશ્રી અને સિન્ડીકેટ સભ્યશ્રી ડો. મેહુલ રૂપાણી દ્વારા
યુજીસી યુનિવર્સિટીમાં કાર્યરત સેન્ટર ફોર એક્સલન્સના સ્થળ સુધારણા તથા સેન્ટરને પ્રોફીટમાં લાવવા માટે સાયન્સ ફેકલ્ટીના ડીનશ્રીની અધ્યક્ષતા હેઠળ નીચે મુજબના સભ્યોની કમિટી નીમ્યા અંગેના તથા સેન્ટર ફોર એક્સેલન્સના સ્થળ સુધારવાની સંપૂર્ણ જવાબદારી તથા સંપૂર્ણ વહીવટી સુધારણા માટે નિર્ણય લેવાની સતા સદરહુ કમિટીને આપવા અંગેના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

| | | |
|---|---|---|
| ૧. | ડીનશ્રી, સાયન્સ ફેકલ્ટી | અધ્યક્ષ |
| ૨. | પ્રોફેસર એન્ડ હેડ, કેમેસ્ટ્રી ભવન | સભ્યશ્રી |
| ૩. | પ્રોફેસર એન્ડ હેડ, ફાર્માસ્યુટીકલ સાયન્સ ભવન | સભ્યશ્રી |
| ૪. | ડો. વી. બી. પટેલ, ડાયરેક્ટર ઓફ એન્ડોક ફાર્મા. | સભ્યશ્રી |
| ૫. | ડો. જીજ્ઞેશ અકબરી, ડાયરેક્ટર ઓફ એસએનજે ફાર્મા. | સભ્યશ્રી |
| ૬. | ડો. આલોકકુમાર ચક્રવાલ, કો-ઓર્ડિનેટર, આઇ.ક્યુ.એ.સી. (માન. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત નોમીની) | સભ્યશ્રી |

નોંધ:- (૧) સાયન્સ ફેકલ્ટીના ડીનશ્રી અને સિન્ડીકેટ સભ્ય ડો. મેહુલ રૂપાણી દ્વારા તેમના પત્રમાં યુનિવર્સિટીમાં કાર્યરત સેન્ટર ફોર એક્સલન્સના નબળા અમલીકરણ તથા સેન્ટર નફો અને વિકાસ કરી શકે એવી ક્ષમતા ધરાવતું હોવા છતાં આ સેન્ટર નુકસાની દર્શાવતું હોય તેના સ્થળ સુધારણા તથા પ્રોફીટમાં લાવવા માટે ઉપર દર્શાવેલ સભ્યોની કમિટી નીમવા જણાવેલ છે.

(૨) તેઓએ તેમના પત્રમાં સેન્ટર ફોર એકસેલન્સના સ્થળ સુધારવાની સંપૂર્ણ જવાબદારી તથા સંપૂર્ણ વહીવટી સુધારણા માટે નિર્ણય લેવાની સત્તા સદરહુ કમિટીને જ સોંપવામાં આવે તેમ દર્શાવેલ છે જેને માન. કુલપતિશ્રીએ માન્ય કરેલ હોઇ નોંધ લેવાની થાય છે.

**આથી ઠરાવવામાં આવે છે કે, માન.કુલપતિશ્રીનાં ઉપર્યુક્ત કાર્યની નોંધ લેવામાં આવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કમિટીમાં પ્રો. પ્રતાપસિંહ ચૌહાણનું નામ ઉમેરવું.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, "સેન્ટરને પ્રોફિટમાં લાવવા માટે" શબ્દોને બદલે "આર્થિક રીતે સ્વનિર્ભર બને તે માટે" શબ્દ પ્રયોગ કરવો.**

૧૯ તા.૧૨/૦૯/૨૦૧૮ નાં રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર
હિસાબ કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૧૨/૦૯/૨૦૧૮ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ: ફાઈનાન્સ કમિટિની તા.૧૨/૦૯/૨૦૧૮નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૭" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૦ અન્ય યુનિવર્સિટીઓમાંથી જે વિદ્યાર્થીઓ આપણી યુનિવર્સિટીમાં પ્રવેશ લેવા માંગે છે તેના ફોર્મ
પરીક્ષા પરીક્ષા વિભાગમાં ભરેલ છે તેઓના વિષય અને ક્રેડિટ સરખા થતા ન હોય તેવા વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેનો નિર્ણય સિન્ડિકેટની વિચારણા માટે રજૂ કરી સિન્ડિકેટનાં ઠરાવ મુજબ તેવા એડમિશન અંગેનો નિર્ણય લેવો જોઈએ તેવી રજૂઆત સિન્ડિકેટ સભ્યશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ તેઓશ્રીનાં પત્રાંક: એમ.બી.એ./૨૬૦/૨૦૧૮, તા.૧૨/૦૯/૨૦૧૮ થી કરવામાં આવેલ હોય, ઉક્ત બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, અન્ય યુનિવર્સિટીઓમાંથી જે વિદ્યાર્થીઓ આપણી યુનિવર્સિટીમાં પ્રવેશ લેવા માંગે છે તેવા વિદ્યાર્થીને તેઓએ અન્ય યુનિવર્સિટીમાંથી પાસ કરેલ પરીક્ષાને અનુલક્ષીને ત્યારબાદનાં સેમેસ્ટર ૦૩ કે સેમેસ્ટર ૦૫ માં પ્રવેશ આપવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીનાં અભ્યાસક્રમ પૈકીના જે વિષયો પાસ કરવાના બાકી હોય તે પાસ કરવાની શરતે પ્રવેશ આપવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, આપણી યુનિવર્સિટીની ક્રેડિટ સિસ્ટમ મુજબની ક્રેડિટ ગણવા માટે તે વિષયના તે યુનિવર્સિટીનાં ક્રેડિટ અને અત્રેના તે વિષયનાં ક્રેડિટ પ્રપોઝ્નેટ કરી તેનાં આધારે ગ્રેડ નિયત કરવો.**


૨૧ ઓબ્ઝર્વરને પ્રત્યેક સેશનદીઠ પ્રત્યેક ઓબ્ઝર્વરને રૂ|.૪૦૦/- મહેનતાણા તરીકે અને સ્થાનિક કક્ષાએ
પરીક્ષા-૧ ઓબ્ઝર્વરને કામગીરી માટે પ્રતિ દીન વાહન ભથ્થું તરીકે રૂ|.૧૧૦/- ચુકવવાના અને બહારગામના પરીક્ષા કેન્દ્રો ઉપર જવા આવવા માટે ઓબ્ઝર્વરને પોતાની કાર/પ્રાઈવેટ કાર માટે ખરેખર કિ.મી. માટે યુનિવર્સિટીનાં પ્રવર્તમાન નિયમોનુસાર ચૂકવવા મંજુરી આપવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબત પરીક્ષા સંચાલન સમિતિને ફેરવિચારણા માટે મોકલવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, આગામી પરીક્ષાથી પરીક્ષા સ્કોડમાં મહત્તમ બહેનોને મોકલવા.**

**અંતમાં અધ્યક્ષશ્રીનો આભારમાની સભાનું કામકાજ પૂર્ણ જાહેર કરવામાં આવ્યું.**

નં.સિન્ડિકેટ/૪૮/૨૦૧૮
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫
તા.૨૫/૦૯/૨૦૧૮



કુલસચિવ

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ...

<u>નકલ રવાના</u>::--

૧. માન.કુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
૨. એકેડેમિક ઓફિસરશ્રી.
૩. પરીક્ષા નિયામકશ્રી.